नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૨૬

# મહાપ્રત્યાખ્યાન

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. શ્રુત મહર્ષિ ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૨૬

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (२६) મહાપ્રત્યાખ્યાન

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી– ૨૦૭૬, ચૈત્ર સુદ–૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in

–: ટાઈપ સેટિંગ :–

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | --- | --------------- | ----- |
| | | | | | |
| | | | | | |

# આગમસૂત્ર- ૨૬ ‘મહાપ્રત્યાખ્યાન’

## પ્રકીર્ણક સૂત્ર– ૩ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો ?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | મંગલ | ૦૬ | ૪ | ભાવના | ૦૭ |
| ૨ | વોસિરાવવું અને ખામણા | ૦૬ | ૫ | મિથ્યાત્વ ત્યાગ, આલોચના, પ્રાયશ્ચિત્ત | ૦૮ |
| ૩ | નિંદા–ગર્હા આદિ | ૦૬ | ૬ | વિવિધ ધર્મોપદેશ આદિ | ૦૮ |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | **-1- आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- (મૂળ) | 02 |
| | **-2- आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम (सटीकं)** | 04 |
| | **-3- आगममञ्जूषा (मूल प्रत)** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | **-1-** આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English Trans. | [11] | | **-3- ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | **-4- आगमिय सूक्तावली** | 01 |
| | **-5- आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम मूलं एवं वृत्ति -1** | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम मूलं एवं वृत्ति -2** | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह** (प्रा-सं-गु) | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | **-5- आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |

**1-આગમ સાહિત્ય (કુલ પુસ્તક) 518**

**2–આગમેતર સાહિત્ય (કુલ પુસ્તક) 085**

**દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય 603**

# [૨૬] મહાપ્રત્યાખ્યાન

## પ્રકીર્ણકસૂત્ર–૩– ગુજરાતી ભાવાનુવાદ

## *** કુલ–૧૪૨ ગાથાનો અનુવાદ ક્રમશઃ આ પ્રમાણે છે

સૂત્ર–૧.

હવે હું ઉત્કૃષ્ટ ગતિવાળા, તીર્થંકર, સર્વ જિન, સિદ્ધ અને સંયત સાધુ.ને નમસ્કાર કરું છું.

સૂત્ર–૨

સર્વ દુઃખરહિત એવા સિદ્ધો અને અરિહંતોને નમસ્કાર થાઓ, જિનપ્રજ્ઞપ્ત તત્ત્વની બધાની હું શ્રદ્ધા કરું છું, અને પાપને પચ્ચક્ખુ છું.

સૂત્ર–૩

. જે કાંઈ દુશ્ચરિત છે, તેને હું સર્વભાવથી નિંદુ છું, અને મન,વચન, કાયા એ ત્રણ પ્રકારે હું સામાયિકને સર્વ આગારરહિત કરુ છું.

સૂત્ર–૪, ૫

૪. બાહ્ય-(વસ્ત્રાદિક) ઉપધિ અને અભ્યંતર (ક્રોધાદિક) ઉપધિ, ભોજન સહિત શરીરાદિને મન, વચન, કાયાથી હું ત્રિવિધે વોસિરાવું છું.

૫. રાગ, બંધ, પ્રદ્વેષ, હર્ષ, દીનભાવ, ઉત્સુકતા, મદ, શોક, રતિ-અરતિને હું વોસિરાવું છું.

સૂત્ર–૬

૬. રોષથી, કદાગ્રહથી, અકૃતઘ્નતાથી, શઠતાથી જે કંઈ પણ હું બોલ્યો હોઉં, તેને હું ત્રિવિધે ખમાવું છું.

સૂત્ર–૭

સર્વે જીવોને હું ખમાવુ છું, સર્વે જીવો મને ખમો, આશ્રવોને વોસિરાવીને હું સમાધિ(શુભ ધ્યાન)ને આદરું છું.

સૂત્ર–૮

૮. નિંદવા યોગ્યને નિંદુ છું, મારે જે ગર્હણીય છે, તેને ગર્હુ છું, જિનેશ્વરે જેનો નિષેધ કર્યો, તે સર્વેને આલોચુ છું.

સૂત્ર–૯

ઉપધિ, શરીર, ચારે પ્રકારનો આહાર, સર્વ દ્રવ્યોમાં જે મમત્વ, એ બધાને જાણીને તેનો હું ત્યાગ કરું છું.

સૂત્ર–૧૦

નિર્મમત્વ વિશે ઉદ્યમવંત એવો હું મમત્વનો ત્યાગ કરું છું, મારે આત્મા જ આલંબન છે, બાકી બધું હું વોસિરાવું છું.

સૂત્ર–૧૧

મારું જે જ્ઞાન, તે મારો આત્મા છે, મારું દર્શન મારો આત્મા છે. એ રીતે ચારિત્ર, પ્રત્યાખ્યાન, સંયમ અને યોગ મારો આત્મા છે.

સૂત્ર–૧૨

મૂલગુણ અને ઉત્તરગુણ જે મેં પ્રમાદથી આરાધ્યા ન હોય, તે સર્વેને હું નિંદું છું, આગામી કાળને વિશે મૂલગુણ અને ઉત્તરગુણ થનારા દોષોને હું પ્રતિક્રમું છું.

સૂત્ર–૧૩ થી ૧૬

**૧૩.** હું એકલો છું, મારું કોઈ નથી. હું પણ કોઈનો નથી. એ પ્રમાણે અદીન મનથી આત્માને અનુશાસિત કરે.

**૧૪.** જીવ એકલો ઉપજે છે, જીવ એકલો જ નાશ પામે છે, એકલાનું જ મરણ થાય છે, એકલો જ કર્મરજ રહિત થઈ મોક્ષે જાય છે.

**૧૫.** કર્મ એકલો કરે છે, તેનું ફળ પણ એકલો જ ભોગવે છે, એકલો જન્મે છે – એકલો મરે છે, પરલોકે પણ એકલો જ જાય છે.

**૧૬.** જ્ઞાન-દર્શન લક્ષણવાળો એકલો મારો આત્મા શાશ્વત છે, બાકીના બધા સંયોગરૂપ મારા બાહ્ય ભાવો છે.

સૂત્ર–૧૭

**૧૭.** જેનું મૂળ સંયોગ છે એવી દુઃખની પરંપરા જીવ પામ્યો તેથી સર્વે સંયોગ-સંબંધને ત્રિવિધે વોસિરાવું છું.

સૂત્ર–૧૮

૧૮. અસંયમ, અજ્ઞાન, મિથ્યાત્વ, જીવ અને અજીવ વિશે જે સર્વ મમત્વ છે, તેની નિંદા કરું છું, અને ગુરુ સાક્ષીએ ગર્હા કરું છું.

સૂત્ર–૧૯

૧૯. મિથ્યાત્વને હું સારી રીતે જાણું છું, તેથી સર્વ અસંયમ અને અસત્ય વચનને હું છોડું છું તથા સર્વ થકી મમત્વને તજુ છું અને સર્વને હું ખમાવું છું.

સૂત્ર–૨૦

૨૦. જે-જે સ્થાનને વિશે મારા અપરાધને જિનેશ્વરો જાણે છે, સર્વભાવથી ઉપસ્થિત થયેલો હું, તેની આલોચના કરું છું.

સૂત્ર–૨૧

૨૧. ઉત્પન્ન કે અનુત્પન્ન માયા બીજી વખત ન કરું. એ રીતે આલોચના, નિંદના, ગર્હા વડે ત્યાગ કરું છું.

સૂત્ર–૨૨

૨૨. જેમ બોલતું બાળક કાર્ય અને અકાર્ય બધું સરળપણે કહી દે, તેમ માયા અને મદરહિત સર્વ પાપ આલોચવા.

સૂત્ર–૨૩

૨૩. જેમ ઘી વડે સીંચેલ અગ્નિ દીપે, તેમ ઋજુભૂત (સરળ થયેલ માણસને શુદ્ધિ થાય છે અને શુદ્ધ થયેલને વિષે ધર્મ સ્થિર થાય, તેમજ પરમ નિર્વાણની પ્રાપ્તિ અર્થાત મોક્ષ થાય.

સૂત્ર–૨૪

૨૪. શલ્યવાળો સિદ્ધિ ન પામે, જે પાપ–મેલ ખરી ગયેલાએ, વિતરાગના શાસનમાં કહેલ છે. સર્વશલ્ય ઉદ્ધરીને, કલેશ રહિત એવો જીવ સિદ્ધ થાય છે.

સૂત્ર–૨૫, ૨૬

૨૫. ઘણુ પણ ભાવશલ્ય જે ગુરુ પાસે આલોચે છે, નિઃશલ્ય થઈ સંથારો આદરતા, તે આરાધક થાય છે.

૨૬. અલ્પ પણ ભાવશલ્ય, જે ગુરુ પાસે આલોચતો નથી તે શ્રુત સમૃદ્ધ હોવા છતાં આરાધક થતો નથી.

સૂત્ર–૨૭

દુષ્પ્રયુક્ત એવું શસ્ત્ર, દુષ્પ્રયુક્ત વિષ, દુષ્પ્રયુક્ત વૈતાલ કે દુષ્પ્રયુક્ત યંત્ર, પ્રમાદથી કોપેલ સાપ પણ તે કામ ન કરે, જે કામ ભાવશલ્ય કરે છે..

સૂત્ર–૨૮, ૨૯

૨૮.. જે કારણથી અનુદ્ધરિત ભાવશલ્ય ઉત્તમાર્થ કાળે, દુર્લભ બોધિત્વ અને અનંત સંસારીપણુ કરે,

૨૯ . તે કારણથી ગારવરહિત જીવો પુનર્ભવરૂપ લતાના મૂળ સમાન મિથ્યાદર્શન આદિ શલ્યો ઉદ્ધરે.

સૂત્ર–૩૦

જેમ ભારવાહક ભાર ઊતારીને હળવો થાય, તેમ પાપ કરનારો માણસ ગુરુ પાસે આલોચના, નિંદાથી હળવો થાય.

સૂત્ર–૩૧, ૩૨

**૩૧.** માર્ગવિદ્ ગુરુ તેને જે પ્રાયશ્ચિત્ત કહે છે, તે અનવસ્થાના પ્રસંગની બીકવાળાએ તે પ્રમાણે જ અનુસરવુ.

**૩૨.** તે માટે, જે કંઈ અકાર્ય કર્યું હોય તે છૂપાવ્યા વિના દશ દોષ રહિત જેમ હોય તેમ જ કહેવું.

સૂત્ર–૩૩

સર્વ પ્રાણ નો આરંભ (હિંસા), અસત્યવચન, અદત્તાદાન, અબ્રહ્મ અને પરિગ્રહનું પ્રત્યાખ્યાન કરું છું.

સૂત્ર–૩૪

સર્વે પણ અશનાદિ ચતુર્વિધ આહાર, જે બાહ્ય ઉપધિ અને અભ્યંતર ઉપધિ, તે સર્વેને ત્રિવિધે વોસિરાવુ છું.

સૂત્ર–૩૫

વનમાં, દુર્ભિક્ષમાં, આતંકમાં, મોટો રોગ ઉપજતા, જે વ્રત પાળ્યુ અને ન ભાંગ્યુ, તેને શુદ્ધ પાલના જાણ.

સૂત્ર– ૩૬

૩૬. રાગથી, દ્વેષથી કે પરિણામથી જે પચ્ચક્ખાણ દૂષિત ન કર્યુ તેને ભાવવિશુદ્ધ પચ્ચક્ખાણ જાણવુ.

સૂત્ર–૩૭, ૩૮

૩૭. આ અનંત સંસારમાં નવી-નવી માતાના દૂધ જીવે પીધાં, તે સમુદ્રના પાણીથી પણ વધુ છે.

૩૮. તે-તે જાતિમાં ઘણુ રુદન કર્યું, તે નયનોદક પણ સાગરના જળથી વધુ જાણવુ.

સૂત્ર–૩૯, ૪૦

૩૯. કોઈ વાળના અગ્રભાગ જેટલો પણ કોઈ પ્રદેશ નથી કે જ્યાં સંસારમાં ભમતો જીવ જન્મ્યો કે મર્યો નથી.

૪૦. લોકમાં ખરેખર ૮૪ લાખ યોનિ છે, તે એકૈકમાં જીવ અનંતવાર ઉત્પન્ન થયો છે.

સૂત્ર–૪૧ થી ૪૪

**૪૧.** ઉર્ધ્વ, અધો, તીર્છાલોકમાં હું ઘણા બાળમરણ પામ્યો છું. તો તે મરણને સંભારતો હું પંડિતમરણે મરીશ

**૪૨.** મારી માતા પિતા, મારી બેન-ભાઈ-પુત્ર-પુત્રી એ બધાને સંભારતો પંડિતમરણે મરીશ.

**૪૩.** કેમ કે. સંસારમાં ઘણી યોનિમાં વસતા માતા, પિતા, બંધુ વડે આખો લોક ભરેલો છે, તે તારા માટે ત્રાણ કે શરણ નથી.

**૪૪.** જીવ એકલો કર્મ કરે છે, એકલો દુષ્કૃત્‌ના વિપાકને ભોગવે છે, એકલો જ ચતુર્ગતિરૂપ જન્મ-મરણ યુક્ત ગહન વનમાં ભમે છે.

સૂત્ર– ૪૫ થી ૪૮

**૪૫.** નરકમાં જન્મ-મરણ ઉદ્વેગકારી છે, નરકમાં અનેક વેદનાઓ છે.

**૪૬.** તિર્યંચગતિમાં ઉદ્વેગ કરનારા જન્મ-મરણ છે અને અનેક વેદનાઓ છે.

૪૭. મનુષ્યગતિમાં ઉદ્વેગ કરનારા જન્મ-મરણ છે અને અનેક વેદનાઓ છે..

૪૮. દેવલોકમાં જન્મ, મરણ અને ચ્ચવન ઉદ્વેગકારી છે. એ બધું સંભારી પંડિત મરણે મરીશ.

સૂત્ર–૪૯, ૫૦

૪૯. એક પંડિતમરણ સેંકડો જન્મોને છેદે છે, તે મરણે મરવું જે શુભ મરણ થાય.

૫૦. જિનપ્રજ્ઞપ્ત શુભમરણ-પંડિતમરણને શુદ્ધ અને શલ્યરહિત એવો હું પાદપોપગમે ક્યારે મરીશ ?

સૂત્ર– ૫૧ થી ૫૪

૫૧. સંસારચક્રમાં મેં સર્વે પુદ્‌ગલો મેં ઘણી વાર આહારપણે લઇ પરિણમાવ્યા, તો પણ તૃપ્તિ ન થઇ.

૫૨. આહાર નિમિત્તે હું બધા નરલોકમાં ઉપન્યો તેમજ સર્વે મ્લેચ્છ જાતિમાં પણ ઉપન્યો.

૫૩. આહાર નિમિત્તે મત્સ્ય દારુણ નર્કમાં જાય છે,

૫૪. તેથી સચિત્ત આહાર મન વડે પણ પ્રાર્થવાને યોગ્ય નથી.

સૂત્ર– ૫૫ થી ૫૭

૫૫. તૃણ અને કાષ્ઠથી જેમ અગ્નિ, હજારો નદીઓથી જેમ લવણસમુદ્ર જેમ તૃપ્ત ન થાય,

૫૬. તેમ આ જીવ કામભોગથી તૃપ્ત થતો નથી.

૫૭. તેમ આ જીવ દ્રવ્યથી તૃપ્ત થતો નથી. ભોજનવિધિથી તૃપ્ત ન થાય.

સૂત્ર– ૫૮ થી ૬૦

૫૮. વડવાનલ સમાન, દુષ્પાર એવા અપરિમિત ગંધ-માલ્ય વડે મુર્ખ એવો જીવ તૃપ્ત થયો નથી કે થશે નહીં

૫૯. અતીત કે અનાગત કાળમાં શબ્દ, રૂપ, રસ, સ્પર્શ વડે મુર્ખ એવો જીવ તૃપ્ત થયો નથી કે થશે નહીં.

૬૦. દેવકુરુ-ઉત્તરકુરુમાં થયેલ કલ્પવૃક્ષોથી કે મનુષ્ય-વિદ્યાધર-દેવોના ઉપપાતથી આ જીવ તૃપ્ત થયો નથી.

સૂત્ર– ૬૧

ખાવા અને પીવા વડે આ આત્મા બચાવાતો નથી, જો દુર્ગતિમાં ન જાય તો તે નિશ્ચે બચાવાયેલો કહેવાય છે.

સૂત્ર– ૬૨ થી ૬૪

૬૨. દેવેન્દ્ર અને ચક્રવર્તીપણાના રાજ્યો અને ઉત્તમ ભોગો અનંતીવાર પામ્યો, પણ તે એકેમાં તૃપ્તિ ન થઈ.

૬૩. દૂધ, દહીં, ઇક્ષુરસ સમાન સ્વાદુ મોટા સમુદ્રોમાં હું ઘણીવાર ઉપન્યો, પણ તે એકેમાં તૃપ્તિ ન થઈ.

૬૪. મન-વચન-કાયાથી કામ રતિ વિષયસુખ ઘણા અનુભવ્યા પણ તે એકેમાં તૃપ્તિ ન થઈ.

સૂત્ર– ૬૫

૬૫. જે કોઈ પ્રાર્થના મેં રાગ-દ્વેષને વશ થઈ કે પ્રતિબંધથી ઘણા પ્રકારે કરી હોય તેને હું નિંદું છું - ગુરુ સાક્ષીએ ગર્હું છું.

સૂત્ર– ૬૬

મોહજાલ હણીને, આઠ કર્મની સાંકળને છેદીને અને જન્મ-મરણરૂપી અરહટ્ટને ભાંગીને તું સંસારથી મૂકાઈશ.

સૂત્ર– ૬૬

પાંચ મહાવ્રતને ત્રિવિધ ત્રિવિધે આરોપીને અને મન-વચન-કાય ગુપ્તિવાલો સાવધાન થઈને મરણને આદરે.

સૂત્ર– ૬૮ થી ૭૬

૬૮. ક્રોધ, માન, માયા, લોભ, પ્રેમ, દ્વેષને તજીને અપ્રમત્ત એવો હું પાંચ મહાવ્રત રક્ષુ છું

૬૯. કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પર-પરિવાદને પરિવર્જતો ગુપ્તિવાળો એવો હું. પાંચ મહાવ્રત રક્ષુ છું

૭૦. પંચેન્દ્રિય સંવરણ, પાંચ કામગુણને રુંધીને, અતિ આશાતનાથી બીતો હું પાંચ મહાવ્રત રક્ષુ છું.

૭૧. કૃષ્ણ-નીલ-કાપોત લેશ્યા, આર્ત્ત-રૌદ્ર ધ્યાનને વર્જતો એવો ગુપ્તિવાળો એવો હું પાંચ મહાવ્રત રક્ષુ છું.

૭૨. તેજો-પદ્મ-શુક્લ લેશ્યાવાળો એવો હું ધર્મ-શુક્લ ધ્યાનને આદરતો પાંચ મહાવ્રત રક્ષુ છું.

૭૩. મનથી મનસત્યપણે, વચન સત્યપણે, કરણસત્યથી યુક્ત એવો હું પાંચ મહાવ્રત રક્ષુ છું.

૭૪ સાત ભયથી મુક્ત, ચાર કષાય રોકીને, આઠ મદસ્થાન રહિત એવો હું પાંચ મહાવ્રત રક્ષુ છું.

૭૫. ગુપ્તિ, સમિતિ, ભાવના અને જ્ઞાનદર્શનથી સંપન્ન અને યુક્ત થઈને હું. પાંચ મહાવ્રત રક્ષુ છું.

૭૬. એ રીતે ત્રણ દંડથી વિરત, ત્રિકરણ શુદ્ધ, ત્રાણશલ્યહીન, ત્રિવિધ અપ્રમત્ત હું પાંચ મહાવ્રત રક્ષુ છું.

૭૭. સર્વ સંગને જાણુ છું, ત્રણ શલ્યને ઉદ્ધરીને, ગુપ્તિ અને સમિતિ મને ત્રાણ અને શરણ હો.

સૂત્ર– ૭૮, ૭૯

૭૮. જ્યારે સમુદ્ર ચક્રવાલ ક્ષોભે ત્યારે સમુદ્રમાં રત્નથી ભરેલ વહાણનું કૃત-કરણ બુદ્ધિ સંપન્ન નિર્યામકો રક્ષણ કરે,

૭૯. તેમ ગુણ-રત્નથી ભરેલ, પરીષહ ઉર્મિથી ક્ષોભિત, તપરૂપી વહાણ, ઉપદેશરૂપ આલંબનવાળા ધીરપુરુષો આરાધે છે.

સૂત્ર– ૮૦ થી ૮૪

૮૦. જો સુપુરુષો આત્માથી વ્રતના ભારવાળા, નિરપેક્ષ શરીરી, પર્વતની ગુફામાં રહી પોતાના અર્થને સાધે છે.

૮૧. તથા ગિરિકંદરા, કરાડ, વિષમ સ્થાન, દુર્ગમાં ધૃતિ વડે અતિ બદ્ધ પોતાના અર્થને સાધે છે.

૮૨. તો પછી સાધુને સહાય આપનાર અન્યોન્ય સંગ્રહ બળથી પરલોક માટે પોતાનો અર્થ કેમ ન સાધી શકે?

૮૩. અલ્પ, મધુર, કાનને ગમતું જિનવચન સાંભળી જીવ સાધુમધ્યે પોતાનો અર્થ સાધવા સમર્થ થઈ શકે.

૮૪. ધીરપુરુષ પ્રજ્ઞપ્ત, સત્પુરુષ સેવિત, પરમઘોર અર્થને શિલાતલે રહેલા પુરુષ પોતાનો અર્થ સાધે છે.

સૂત્ર– ૮૫ થી ૮૭

૮૫. જેણે પહેલાં આત્માનો નિગ્રહ કર્યો નથી, તેને ઇન્દ્રિયો પીડા આપે છે. પરીષહ ન સહેવાથી મૃત્યુકાળે સુખ તજતા તે ડરે છે.

૮૬. પૂર્વે સંયમયોગ પાળ્યો હોય, મરણકાળે સમાધિ ઈચ્છતો હોય, અને

૮૭. વિષમ સુખથી આત્માને નિવારેલ હોય, તે પુરુષ પરીષહ સહન કરવાને સમર્થ થાય.

સૂત્ર– ૮૮

પૂર્વે સંયમયોગ આરાધેલ, નિયાણારહિત, મતિપૂર્વક વિચારીને, કષાયને ટાળીને, સજ્જ થઈ મરણ અંગિકાર કરે.

સૂત્ર– ૮૯

જે જીવોએ સમ્યક્ પ્રકારે તપ કર્યો હોય તે જીવો પોતાના આકરા પાપ કર્મોને બાળવા સમર્થ થાય છે.

સૂત્ર– ૯૦

એક પંડિતમરણને આદરીને તે અસંભ્રાન્ત સુપુરુષ જલદીથી અનંત મરણનો અંત કરશે.

સૂત્ર– ૯૧, ૯૨

૯૧. તે કેવું પંડિતમરણ છે ? તેના કેવા આલંબનો કહ્યા છે ? તે જાણીને આચાર્યો કોને પ્રશંસે ?

૯૨. પાદોપગમ અનશન, ધ્યાન, ભાવના આલંબન છે, તે જાણીને પંડિત મરણ પ્રશંસે.

સૂત્ર– ૯૩

ઇન્દ્રિયની સુખશાતામાં આકુળ, ઘોર પરીષહ સહેવા પરવશ થઈ ગયેલ, સંયમ ન પાળેલ કાયર આરાધના કાળે મુંઝાય.

સૂત્ર– ૯૪

લજ્જા, ગારવ, બહુશ્રુતમદ વડે જેઓ પોતાનું દુશ્ચરિત્ર ગુરુને કહેતા નથી, તેઓ આરાધક થતા નથી.

સૂત્ર– ૯૫

દુષ્કર ક્રિયાકારક સૂઝે, માર્ગને જાણે, કીર્તિ પામે, પાપ છૂપાવ્યા વિના નિંદે, તેથી આરાધના શ્રેયકારી છે.

સૂત્ર– ૯૬

તૃણ સંથારો કે પ્રાસુક ભૂમિ વિશુદ્ધિનું કારણ નથી. પણ આત્મા વિશુદ્ધ હોય તે જ ખરો સંથારો છે.

સૂત્ર– ૯૭

જિનવચન અનુગત, ધ્યાન-યોગમાં લીન મારી મતિ થાઓ. જેથી તે દેશકાળે અમૂઢ સંજ્ઞ દેહનો ત્યાગ કરે.

સૂત્ર– ૯૮ થી ૧૦૧

૯૮. જિનવચન રહિત ને અનુપયુક્ત જ્યારે પ્રમાદી થાય ત્યારે ઇન્દ્રિય ચોરો તેનો તપ-સંયમનો નાશ કરે છે.

૯૯. જિનવચનને અનુસરતી મતિવાળો પુરુષ જે વેળા સંવરમાં પ્રવિષ્ટ હોય, ત્યારે વાયરા સહિત અગ્નિની માફક મૂળ અને ડાળખા સહિત કર્મને બાળી મૂકે છે.

૧૦૦. જેમ વાયુ સહિત અગ્નિ લીલા વનખંડને બાળે છે, તેમ પુરુષાકાર(ઉદ્યમ) સહિત માણસ જ્ઞાન વડે કર્મનો ક્ષય કરે છે.

૧૦૧. અજ્ઞાની ઘણા કરોડો વર્ષે જે કર્મો ખપાવે છે, તે કર્મને ત્રણ ગુપ્તિગુપ્ત જ્ઞાની શ્વાસમાત્રમાં ખપાવે છે.

સૂત્ર– ૧૦૨ થી ૧૦૫

૧૦૨. મરણ નિકટ આવતા મજબૂત અને સમર્થ ચિત્તવાળો માણસ પણ દ્વાદશાંગશ્રુતસ્કંધ ચિંતવી ન શકે.

૧૦૩. વીતરાગના શાસનમાં એક પણ પદને વિશે જે સંવેગ કરે તે તેનું જ્ઞાન છે, જેનાથી વૈરાગ્ય પમાય છે.

૧૦૪. વીતરાગ શાસનમાં એક પણ પદને વિશે જે સંવેગ કરાય તેનાથી તે મોહજાલને અધ્યાત્મયોગ વડે છેદે

૧૦૫. વીતરાગ શાસનમાં એક પદનો સંવેગ તેનાથી તે નિરંતર વૈરાગ્ય પામે, તેથી તે મરણે મરવું જોઈએ.

સૂત્ર– ૧૦૬

જેનાથી વૈરાગ્ય થાય તે તે કાર્ય સર્વાદરથી કરવું. તેથી સંવેગી મુક્ત થાય અને અસંવેગી અનંત સંસારી થાય.

સૂત્ર– ૧૦૭

૧૦૭. જિનપ્રજ્ઞપ્ત આ ધર્મ હું ત્રિવિધે સદ્દહું છું. કેમકે તે ત્રસ-સ્થાવર પ્રાણીને હિતકારી, મોક્ષ નગરનો માર્ગ છે

સૂત્ર– ૧૦૮ થી ૧૧૦

૧૦૮. હું પહેલા તો શ્રમણ છું, પછી સર્વ અર્થનો સંયમી છું. જે જિનેશ્વરે નિષેધેલ છે તે...

૧૦૯. તે, ઉપધિ-શરીર - ચાર પ્રકારે આહારને મન-વચન-કાયા વડે ભાવથી હું વોસિરાવુ છું.

૧૧૦. મન વડે ન ચિંતવવા યોગ્ય, સર્વ ભાષાથી અભાષણીય અને કાયાથી અકરણીય, બધું હું ત્રિવિધે વોસિરાવું છું.

સૂત્ર– ૧૧૧ થી ૧૧૩

૧૧૧. અસંયમથી વિરમવું, ઉપધિનું વિવેક કરણ(ત્યાગ કરવો) ઉપશમ, અયોગ્ય વ્યાપારથી વિરમવુ,

૧૧૨. ક્ષમા-નિર્લોભતા-વિવેક. આ પચ્ચક્ખાણને રોગથી પીડિત માણસ આપત્તિમાં ભાવથી સ્વીકારતો અને બોલતો સમાધિ પામે.

૧૧૩. આ નિમિત્તમાં પચ્ચક્ખાણ કરી કાળ કરે, તો આ એક પદ વડે પણ પચ્ચક્ખાણ કરાવવુ.

સૂત્ર– ૧૧૪ થી ૧૧૯

**૧૧૪.** મને અરિહંત, સિદ્ધ, સાધુ, શ્રુત અને ધર્મ એ મંગલ છે, તેમનું શરણ પામેલો હું સાવદ્યને વોસિરાવું છું.

**૧૧૫.** અરિહંતો મારે મંગલ છે, અરિહંતો મારા દેવ છે, અરિહંતની સ્તુતિ કરતા, હું પાપને વોસિરાવુ છું.

**૧૧૬.** સિદ્ધો મને મંગલ છે, સિદ્ધો મારા દેવ છે. સિદ્ધોની સ્તુતિ કરતા હું પાપને વોસિરાવુ .

**૧૧૭.** આચાર્યો મારે મંગલ છે, આચાર્યો મારા દેવ છે, આચાર્યની સ્તુતિ કરતા હું પાપને વોસિરાવુ છું.

**૧૧૮.** ઉપાધ્યાયો મારે મંગલ છે, ઉપાધ્યાય મારે દેવ છે, ઉપાધ્યાયની સ્તુતિ કરતા હું પાપોને વોસિરાવુ છું.

**૧૧૯.** સાધુ મારે મંગલ છે, સાધુ મારા દેવ છે, સાધુની સ્તુતિ કરતા હું પાપને વોસિરાવુ છું.

**સૂત્ર– ૧૨૦**

૧૨૦. સિદ્ધોનો, અરહંતોનો, કેવલીનો ભાવથી આશરો લઈને અથવા મધ્યના ગમે તે એક પદ વડે આરાધક થવાય છે.

**સૂત્ર– ૧૨૧ થી ૧૨૫**

૧૨૧. વળી જેને વેદના ઉત્પન્ન થઈ છે, એવા સાધુ હૃદય વડે કંઈક ચિંતવે અને કંઈક આલંબન કરી મુનિ દુઃખને સહન કરે.

૧૨૨. વેદના ઉત્પન્ન થાય ત્યારે આ તે શી વેદના ? કંઈ આલંબન કરીને તે દુઃખને સહન કરે.

૧૨૩. પ્રમાદમાં વર્તતા એવા મેં અનુત્તર નરકોમાં અનુત્તર એવી વેદના અનંતવાર પ્રાપ્ત કરેલી છે.

૧૨૪. અબોધિપણુ પામીને મેં આ કર્મ કર્યુ અને આ કર્મ પૂર્વે મેં અનંતવાર પ્રાપ્ત કરેલ છે.

૧૨૫. તે-તે દુઃખના વિપાકો વડે ત્યાં-ત્યાં વેદના પામ્યા પછી જીવ પૂર્વે અજીવ કરાયો નથી, તે ચિંતવ.

**સૂત્ર– ૧૨૬, ૧૨૭**

**૧૨૬**. અપ્રતિબદ્ધ વિહાર, વિદ્વાનોએ પ્રશંસેલ, મહાપુરુષોએ સેવેલ, એવું જિનભાષિત જાણીને અપ્રતિબદ્ધ મરણ સ્વીકારે.

**૧૨૭**. જેમ અંતિમકાળે, અંતિમ તીર્થંકરે ઉદાર ઉપદેશ આપ્યો, તેમ હું નિશ્ચય માર્ગવાળુ અપ્રતિબદ્ધ મરણ સ્વીકારું છું.

**સૂત્ર– ૧૧૮ ,૧૨૯**

**૧૨૮.** બત્રીશ ભેદે યોગ સંગ્રહના બળ વડે કૃતયોગી થઈ, બાર ભેદે તપરૂપ સ્નેહ પાને કરી,

**૧૨૯.** સંસારરૂપી રંગભૂમિમાં ધીરજરૂપી બળ, ઉદ્યમરૂપી બખ્તર પહેરી સજ્જ થયેલો તું મોહરૂપી મલને હણીને આરાધનારૂપી જય-પતાકા હરણ કર.

**સૂત્ર– ૧૩૦**

સંથારામાં રહેલ સાધુ જૂના કર્મો ખપાવે છે, નવા કર્મો બાંધતો નથી અને કર્મ કલંક વેલને છેદે છે.

. **સૂત્ર– ૧૩૧**

આરાધના ઉપયુક્ત સુવિહિત સાધુ સમ્યક્ રીતે કાળ કરીને ઉત્કૃષ્ટા ત્રણ ભવ અતિક્રમીને નિર્વાણ પામે.

**સૂત્ર– ૧૩૨ થી ૧૩૪**

૧૩૨. ધીરપુરુષે કહેલ, સત્પુરુષે સેવિત પરમ ઘોર અનશન કરીને નિર્વિઘ્ને જયપતાકાને હર.

૧૩૩. હે ધીર! જેમ તે દેશકાળમાં સુભટ જયપતાકાને હરે, તેમ સૂત્રાર્થને અનુસરતો, સંતોષરૂપ નિશ્ચલ સન્નાહથી સજ્જ થઈ.

૧૩૪. ચાર કષાય, ત્રણ ગારવ, પાંચ ઇન્દ્રિયસમૂહ, પરીષહ સેના હણી આરાધના પતાકા હરી લે.

**સૂત્ર– ૧૩૫, ૧૩૬**

**૧૩૫**. જો અપાર સંસારરૂપ મહોદધિને તરવાને ઇચ્છતો હો તો હું ઘણુ જીવું કે જલદી મરું તેમ ન વિચાર.

**૧૩૬**.ખરેખર સર્વ પાપકર્મ નિસ્તારવા ઇચ્છે છે, તો જિનવચન, જ્ઞાન, દર્શન, ચારિત્ર ભાવમાં ઉદ્યુત થવા જાગ.

**સૂત્ર– ૧૩૭થી ૧૩૯**

૧૩૭. દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ એમ આરાધના ચાર ભેદે થાય,

૧૩૮. વળી તે ઉત્કૃષ્ટ, મધ્યમ, જઘન્ય ત્રણ ભેદે થાય. પંડિતો ચાર ભેદવાળી ઉત્કૃષ્ટ આરાધના આરાધી, કર્મરજ રહિત થઈ, તે જ ભવે સિદ્ધિ પામે,

૧૩૯. જઘન્ય આરાધના ચાર ભેદે આરાધી સાત કે આઠ ભવ સંસારમાં કરીને મુક્તિ પામે.

**સૂત્ર– ૧૪૦**

મારે સર્વજીવ સાથે સમતા છે, કોઈ સાથે વૈર નથી, સર્વ જીવોનું ખમું છું, સર્વ જીવોને ખમાવુ છું.

**સૂત્ર– ૧૪૧.**

ધીરને પણ મરવાનું છે, કાયરને પણ અવશ્ય મરવાનું છે, બંનેને મરવાનું છે, તો ધીરપણે મરવું સારું.

**સૂત્ર– ૧૪૨.**

સુવિહિત સાધુ આ પચ્ચક્ખાણ સમ્યક્ રીતે પાળીને વૈમાનિકદેવ થાય અથવા સિદ્ધિ પામે.

## ‘મહાપ્રત્યાખ્યાન’ પ્રકીર્ણક સૂત્ર–૩નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

| | | | |
|---|---|---|---|
| | મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | |
| [१] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि-मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि-मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि-मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [२] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र-गुजराती अनुवाद-मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र-इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र-गुजराती अनुवाद-सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [३] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र-सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति-1** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति-2** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**-1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**-2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा-कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम–मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम–सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र–गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| | | | |
|---|---|---|---|
| દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ **DVD** તેના કુલ પાના [27,930] |

**અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000**

**અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે**

વેબ સાઈટ:- **1. www.jainelibrary.org** **2. deepratnasagar.in**
ઈમેલ એડ્રેસ:- **jainmunideepratnasagar@gmail.com** મોબાઈલ **09825967397**

સંપર્ક:- મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે-ટચ
**Post:** - ઠેબા, Dis:-જામનગર, ગુજરાત, **India.** **[Pin-** 361**1120**]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૨૬

# મહાપ્રત્યાખ્યાન

આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


વેબ સાઈટ:– (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઇલ 09825967397